Extra No. 172

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **MONDAY, JUNE 29, 2026 / ASADHA 8, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :-

(૧) નાયબ પશુપાલન નિયામક, જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી, પાટણના પત્ર જા.નં.પશપ/ટેક/ગ્લુ ટ્રેપ/૨૩૩/૨૦૨૬ તા.૨૧/૦૫/૨૦૨૬

(૨) ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરના પત્ર જા.નં.ગુ.પ્રા.ક.બો/પ્રશા/કટમ/૧૦૭(૮૫)/ ૧૯૯૫-૨૦૯૬/૨૦૨૬ તા.૦૨/૦૫/૨૦૨૬

(૩) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ - ૧૬૩

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૭૯૮૬ થી ૮૦૫૧/૨૦૨૬ વંચાણે લીધેલ સંદર્ભ-૧ ની વિગતે નામ.ગુજરાત હાઈકોર્ટમાં થયેલ Writ Petition (PIL) 28/2024 સંદર્ભે "ઉદર પકડવાની જાળ (ગ્લુટ્રેપ)ના ઉત્પાદન, વેંચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ" ફરમાવેલ છે તથા ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરના પત્ર જા.નં.ગુ.પ્રા.ક.બો/પ્રશા /કટમ/૧૦૭ (૮૫)/૧૯૯૫-૨૦૯૬/૨૦૨૬ તા.૦૨/૦૫/૨૬ થી તમામ જિલ્લાઓમાં ગ્લુ ટ્રેપ ઉત્પાદન કરતાં યુનિટ્સ આઈડેન્ટીફાઈ કરી સત્વરે ગ્લુ ટ્રેપના ઉત્પાદનની કામગીરી બંધ થાય તે અંગે સ્થાનીક કક્ષાએ કડક પગલાં ભરવાની કાર્યવાહી તથા સ્થાનીક કક્ષાએ નાગરીકોમાં ગ્લુ ટ્રેપ-બોર્ડનો વપરાશ ના કરવામાં આવે તે પ્રકારના જન-જાગૃતી અભિયાન પણ કાર્યાન્વીત કરવા જણાવેલ છે. ઉદર પકડવાની જાળ (ગ્લુટ્રેપ) જેને ગ્લુ-બોર્ડ અથવા સ્ટીકી તરીકે પણ ઓળખવામાં આવે છે. જેનો ઉપયોગ મોટાભાગે ઉદરોને પકડવા માટે થાય છે. જ્યારે ઉદર ગ્લુટ્રેપ વાળી સપાટી પર ચાલે છે અથવા ઉતરે છે ત્યારે ગુંદરની જાળમાં પકડાયા પછી પોતાની રીતે મુક્ત કરવામાં અસમર્થ છે. જેના પરીણામે ડીહાઈડ્રેશન, ભુખમરો અને ગુંગળામણના કારણે આખરે પીડાદાયક મૃત્યુ પામે છે. નામ. ગુજરાત હાઈકોર્ટમાં થયેલ Writ Petition (PIL) 28/2024 સંદર્ભે તા.૧૮/૦૫/૨૦૨૪ના ઓરલ ઓર્ડરથી પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમની જોગવાઈઓની ચૂસ્તપણે અમલવારી કરવા સુચના આપવામાં આવેલ છે. તેમજ પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧ મુજબ કોઈપણ પ્રાણીની બિનજરૂરી પીડા, વેદના ન આપવા અંગે જોગવાઈ થયેલ છે.

સબબ, પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણા કરતાં અત્રેના પાટણ જિલ્લામાં ઉદર પકડવાની જાળ (ગ્લુટ્રેપ)ના ઉત્પાદન, વેંચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવું યોગ્ય જણાય છે.

વાસ્તે, હું હિરેન ચૌહાણ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર પાટણ જિલ્લામાં ઉદર પકડવાની જાળ(ગ્લુટ્રેપ)ના ઉત્પાદન, વેંચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ મુકવા આદેશ કરુ છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું, જાહેરનામાં સહી કર્યા તારીખથી ૬૦ (સાઈઠ) દિવસ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આજ તા.૨૮/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

હિરેન ચૌહાણ GAS
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ

વંચાણમાં લીધું :-

(૧) જિલ્લા શિક્ષણાધિકારી, પાટણના પત્ર ક્રમાંક : SSC/HSC/પરીક્ષા/૨૦૨૬/૩૦૧૫૯ તા.૦૩/૦૬/૨૦૨૬

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ - ૧૬૩

-:: જાહેરનામું ::-

-ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું

જાહેરનામા ક્રમાંક.એમએજી (૧)/વશી/૮૧૮૮ થી ૮૨૫૩/૨૦૨૬ - સંદર્ભ - ૧ ના પત્રની વિગતોએ પાટણ જિલ્લામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા આગામી તા.૧૧/૦૬/૨૦૨૬ થી તા.૨૦/૦૬/૨૦૨૬ સુધી ગુજરાત માંધ્યમિક અને ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા HSC (વિ.પ્ર અને સા.પ્ર) /SSC પરીક્ષા પાટણ જિલ્લાના જુદા-જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર યોજાનાર છે. આ પરીક્ષા બિલ્ડીંગની આજુબાજુ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં તમામ ઝેરોક્ષ દુકાનો બંધ રહે તેમજ માણસોના ટોળા એકઠા ના થાય તે માટે જાહેરનામું બહાર પાડવા સારુ અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે HSC (વિ.પ્ર અને સા.પ્ર)/ SSC પરીક્ષા દરમિયાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ - ૧૬૩ મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું હિરેન ચૌહાણ (GAS) જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, સદર પરીક્ષા સમય દરમિયાન તથા પરીક્ષા કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી પાટણ જિલ્લાના આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની સીમાથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિ પરીક્ષા સમય દરમિયાન મોબાઈલ/ સેલ્યુલર/ ફોન / પેજર/કોર્ડલેસ ફોન/સ્માર્ટ વોચ/ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો સાથે લઈ જઈ શકશે. નહી. પરીક્ષા સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં પરીક્ષા સાથે પ્રત્યક્ષપણે સંકળાયેલા હોય તે સિવાયના ચાર કે તેથી વધુ માણસોએ એકત્ર થવુ અથવા ભેગા થવુ નહી. સુત્રો પોકારવા નહી કે સરઘસ અથવા રેલી કાઢવી નહી, પરીક્ષા કેન્દ્રોની આસપાસ લાઉડ સ્પિકરનો ઉપયોગ કરવો નહી કે પથ્થર કે અન્ય આ પ્રકારના પદાર્થ લઈ જવા નહી તેમજ પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર ત્રિજ્યામાં ઝેરોક્ષ મશીન તથા સ્કેનીંગની સુવિધા ધરાવતાં કેન્દ્રો ચાલુ રાખવા નહી.

અપવાદ :-આ હુકમ નીચેના અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અને પરીક્ષા સમિતિના અધિકારીશ્રીઓ તથા પરીક્ષા કામગીરીમાં તેમજ બંદોબસ્તમાં રોકાયેલ સ્ટાફના માણસો.

(૨) સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી પાટણ/સિધ્ધપુર/રાધનપુર/સમી તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી તમામ જિ.પાટણ

(૩) ફલાઈંગ સ્કવોર્ડના તમામ અધિકારીશ્રી

સદરહું આદેશનો ભંગ કરી કોઈ વ્યક્તિ પાસેથી મોબાઈલ/સેલ્યુલર ફોન / પેજર / કોર્ડલેસ ફોન/ સ્માર્ટ વોચ/ ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જમ કરી શકશે.

આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલિસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

જાહેરનામા ક્રમાંકઃએમએજી(૧)/વશી/૮૧૮૮ થી ૮૨૫૩/૨૦૨૬ સાથેનુ પરિશિષ્ટ-૧

પરિક્ષા કેંદ્રોની યાદી

ક્રમ	પરીક્ષા બિલ્ડીંગનું નામ	તાલુકો	જીલ્લો
૧	શેઠ એમ.એન.હાઈસ્કૂલ યુનિટ-૧, પાટણ	પાટણ	પાટણ
૨	શેઠ એમ.એન. હાઈસ્કૂલ યુનિટ-૨, પાટણ	પાટણ	પાટણ
૩	જ્ઞાન મંદિર હાઈસ્કૂલ, પાટણ	પાટણ	પાટણ
૪	આશિષ વિદ્યાલય, પાટણ	પાટણ	પાટણ
૫	એસ.એમ.દેસાઈ ગોપાલક હાઈસ્કૂલ, પાટણ	પાટણ	પાટણ
૬	નીમા વિદ્યાલય, પાટણ	પાટણ	પાટણ
૭	લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ યુનિટ-૧, માંડોત્રી	પાટણ	પાટણ
૮	લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ યુનિટ-૨, માંડોત્રી	પાટણ	પાટણ
૯	પાયોનીયર સ્કુલ ઓફ સાયન્સ યુનિટ-૧, ગોલાપુર	પાટણ	પાટણ
૧૦	પાયોનીયર સ્કુલ ઓફ સાયન્સ યુનિટ-૨, ગોલાપુર	પાટણ	પાટણ
૧૧	આદર્શ વિદ્યાલય યુનિટ-૧, પાટણ	પાટણ	પાટણ
૧૨	આદર્શ વિદ્યાલય યુનિટ-૨, પાટણ	પાટણ	પાટણ
૧૩	વી કે ભૂલા હાઈસ્કૂલ, પાટણ	પાટણ	પાટણ
૧૪	બી ડી સાર્વજનીક વિદ્યાલય, પાટણ	પાટણ	પાટણ
૧૫	બી એમ હાઈસ્કુલ, પાટણ	પાટણ	પાટણ

આજ રોજ તા.૦૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

હિરેન ચૌહાણ GAS
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.07.29 17:37:56 IST